Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 17 DATE: 01- 12 -2025 (વિક્રમ સંવત ૨૦૮૨ માગસર સુદ અગિયારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# વેલિઅન્ટ લેબ્સની સહાયક કંપની દ્વારા સાયખામાં નવી એસિટિક એનહાઈડ્રાઈડ યુનિટમાં ઉત્પાદન શરૂ


મુંબઈ સ્થિત વેલિઅન્ટ લેબોરેટરીઝ પૂર્ણ માલિકીની સહાયક કંપની વેલિઅન્ટ એડવાન્સ્ડ સાયન્સિસ પ્રા. લિ. એ ૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સાયખા, ભરુચ ખાતે આવેલ તેમની નવી ગ્રીનફિલ્ડ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે વ્યાવસાયિક ઉત્પાદન કામગીરી શરૂ કરી છે.

આ પ્લાન્ટમાં એસિટિક એનહાઈડ્રાઈડ, જે કેટીન અને ડાઈકેટીન ડેરિવેટિવ્ઝ કેટેગરીનું મહત્વપૂર્ણ રસાયણ છે, તેનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉત્પાદન દેશમાં તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં સપ્લાય માટે ઉપયોગી રહેશે.

કંપનીએ સ્ટોક માર્કેટ ફાઈલિંગ માં જણાવ્યા મુજબ, આ વિસ્તરણ વેલિઅન્ટ લેબ્સના IPO માંથી પ્રાપ્ત થયેલી રકમ ના ભાગ રૂપે કરવામાં આવ્યું છે, જેનો હેતુ બેકવર્ડ ઈન્ટિગ્રેશન મજબૂત કરવો, પ્રોડક્ટ પોર્ટફોલિયોનો વિકાસ કરવો અને સ્પેશિયાલિટી કેમિકલ્સ ઉદ્યોગ માં પોતાની હાજરી સ્થાપિત કરવાનો છે.

નવા પ્લાન્ટમાં અદ્યતન મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી ઉપરાંત આગામી પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને ઈનોવેશન માટે સમર્પિત R&D સેટઅપ પણ સુલભ કરવામાં આવ્યો છે. વેલિઅન્ટ લેબ્સ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિઅન્ટ્સ (APIs) ના ઉત્પાદન પર કેન્દ્રિત કંપની છે અને ખાસ કરીને પેરાસીટામોલ API સેગમેન્ટમાં તેની મજબૂત હાજરી છે.

# આખરે નવા ચાર લેબર કોડનો સમગ્ર દેશમાં અમલ




ખુબ લાંબી રાહ જોવડાવ્યા પછી કેન્દ્ર સરકાર દ્વારા ચાર નવા લેબર કોડનો ૨૧મી નવેમ્બરને શુક્રવારથી દેશભરમાં અમલ શરૂ કરી દેવાયો છે. આ ચાર લેબર કોડમાં વેજ કોડ (૨૦૧૯), ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ કૉડ (૨૦૨૦), સોશિયલ સિક્યોરિટી કૉડ (૨૦૨૦) અને ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન્સ કૉડ (૨૦૨૦) નો સમાવેશ થાય છે. સરકાર દ્વારા જૂના ૨૯ શ્રમિક કાયદાને એકસાથે જોડી દેવામાં આવ્યા છે. જેથી શ્રમિકોનું કલ્યાણ થઈ શકે અને કંપનીઓ માટે સંચાલન વધારે સરળ બનાવી શકાય. અગાઉ આ કાયદા માટે કેટલીક રાજ્ય સરકારો અસમંજસમાં હતી. તેના અમલીકરણ માટે ઠાગાઠૈયા કરતી હતી.

ભારતમાં હવે લેબર સિસ્ટમમાં ઐતિહાસિક બદલાવ જોવામળશે. નવી નોકરીઓ અને કામકાજની સિસ્ટમ અમલમાં આવશે. સરકાર દ્વારા જૂના કાયદાને આધુનિક બનાવવા તેમજ શ્રમિકોની ભલાઈ માટે કાયદાને વધારે મજબૂત કરવામાં આવ્યા છે. ઉદ્યોગકારો અને કામદારો કર્મચારીઓ માટે જૂની ઘરેડમાંથી બહાર આવીને સમયની સાથે આવેલ બદલાવને સ્વીકારીને પ્રગતિ કરવાનો સમય આવી ગયો છે. આ કાયદાઓની કેવી અસર પડે છે તે આગામી સમય જ બતાવશે.

કોન્ટ્રેક્ટ વર્કર્સ માટે

ફિક્સ્ટ ટર્મની નોકરી કરવાનાં નિયમ કરતા તેમની નોકરી વધારે સરળ અને સોશિયલ સિક્યોરિટી વધુ સારી રહેશે.

- સતત એક વર્ષની નોકરી પછી ગ્રેજ્યુઈટી મળશે.
- મુખ્ય એમ્પ્લોયરને સોશિયલ સિક્યોરિટી અને હેલ્થ બેનિફિટ આપવાનાં રહેશે
- દર વર્ષે મફત હેલ્થ ચેક અપની સુવિધા યુવાન અને નવા જોઈનિંગ થતા કર્મચારીઓ માટે
- નવા કર્મચારીને લઘુતમ મજૂરીની ગેરંટી
- એપોઈન્ટમેન્ટ લેટર ફરજિયાત આપવાનો રહેશે
- રજાનાં દિવસનું વેતન પણ અપાશે
- કેન્દ્ર સરકાર દ્વારા ફ્લોર વેતન અપાશે

MSMEમાં કામ કરનાર શ્રમિકો માટે

- સોશિયલ સિક્યુરિટી કૉડ હેઠળ તમામ યોગ્ય કર્મચારીને સુરક્ષા કવર
- લઘુતમ વેતન, બેઝિક સુવિધાઓ, સ્ટાન્ડર્ડ કામકાજનાં કલાકો અને ડબલ ઓવરટાઈમ

ફરજિયાત સમયસર વેતન આપવાનું


લેબર કોડની નવીનતાઓ

- આખા દેશ માટે નેશનલ ફ્લોર વેતન જેથી લઘુતમ જીવન જીવવા માટે મજૂરી મળી શકે.
- જાતીય ભેદભાવ નહીં, ટ્રાન્સ જેન્ડર લોકો સામે ભેદભાવ પર રોક
- એક લાઈસન્સ, એક રજિસ્ટ્રેશન અને એક રિટર્ન : અમલ આસાન
- નેશનલ OSH બોર્ડ રચવામાં આવશે જે આખા દેશ માટે સમાન સુરક્ષા અને હેલ્થ સ્ટાન્ડર્ડ ઘડશે.
- ૫૦૦થી વધારે કર્મચારીઓવાળી કંપની માટે સેફ્ટી કમિટી ફરજિયાત
- ફેક્ટરીની વ્યાખ્યામાં કર્મચારીઓની સંખ્યા વધારવામાં આવી જેથી નાના એકમો પર બોજ ઓછો પડે

મોબિલિટી ડિલિવરી અને કર્મચારીઓને મોટી રાહત આપવામાં આવી છે જેમાં ઘર અને કામકાજનાં સ્થળ વચ્ચેનાં પ્રવાસ વખતે જો કોઈ દુર્ઘટના થાય તો તેનો રોજગાર સંબંધિત માનવામાં આવશે અને દુર્ઘટના વખતે કર્મચારી વળતર મેળવવાને પાત્ર ઠરશે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com




Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge



Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL



M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS




Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal
+91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator



Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat



JESTAR
INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

# સૌથી મોટો ચોર ડેટાચોર

રશિયાએ અગાઉ યુક્રેન પર પહેલો સાયબર હુમલો કર્યો હતો જે પછીના ભીષણ હુમલા માટેની ચેતવણીરૂપ હતો. હજુ રશિયા નવા સાયબર હુમલાઓ કરશે. જો યુદ્ધ ચાલુ જ રહેશે તો રશિયન હેકરોની આખી ફોઝ કામે લાગી જશે. કોરોનાકાળના સન્નાટાને કારણે મળેલી થોડીક નવરાશમાં અને પછીથી દુનિયામાં ડેટા ચોરી વધી ગઈ છે. ડેટા બહુ મોટી વિભાવના છે. જે રીતે કુબેરનો ભંડાર હોય કે કોઈ રાજાધિરાજનો ખજાનો હોય એવો જ મહામૂલો રત્નભંડાર હવે ડેટા છે. આ ડેટાને લૂંટનારા બહારવટિયાઓ એટલે કે હેકિંગ કરનારાઓ તમામ સિક્યોરિટી સિસ્ટમ તોડીને ખજાના સુધી પહોંચે છે. આ ડેટાને તેઓ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વેચે છે. ડેટા વેચનારી વેબસાઈટો પણ પાર વિનાની છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એને ડેટાથેપ્ટ કહે છે. કેટલીક વિકિલિક્સ જેવી જાઁબાઝ ટોળકીઓ દુનિયાના રહસ્યમય ડેટા ઉપાડે છે અને પછી તેને વિશ્વ સમુદાય સમક્ષ જાહેર કરી દે છે. પરંતુ એ સિવાય કોમ્પ્યુટર ટેક્નોલોજીના નિષ્ણાત હેકર્સ અતિ દુર્લભ માહિતીના સંપુટો ઉપાડી લાવે છે અને ઊંચા ભાવે તેને વેચે છે.

અગાઉ ફેસબુકના કરોડો ઉપભોક્તા(યુઝર્સ)નો ડેટા ચોરી થઈ જતા માર્ક ઝુકરબર્ગ ફરી વિવાદમાં સપડાયા હતા. એમની સામેનો આક્ષેપ એ હતો કે તેઓ પોતે જ આ રીતે હેકિંગ કરાવીને ડેટાનો જંગી વેપાર કરતા થઈ ગયા છે. એટલે કે વાડ પોતે જ ચિભડાં સ્વાદિષ્ટ લાગતા ગળી જવા તત્પર હોઈ શકે છે. રશિયા એક એવો દેશ છે જેને તમામ પ્રકારના ડેટાને ખરીદવાની ભૂખ અને પછી જે તે દેશના નેતાઓને એ ડેટા વેચી દેવાની તરસ છે. ડેટાની વ્યાખ્યામાં આવે એવો કોઈ પણ માલ વ્લાદિમિર પુટિન નામના ચાલાક ખેલાડીને કોઈ પણ ભોગે ખપે, પાંચ કરોડ લોકોના ફેસબુક એકાઉન્ટની બધી જ વિગતની અગાઉ ચોરી થઈ ત્યારે આંગળી તો રશિયન હેકરો તરફ હતો. જો કે, ફેસબુકે પ્રભાવિત થયેલા તમામ ખાતાને ત્યારે ઉજાગરા કરીને લોગઆઉટ કર્યા હતા અને અન્ય ચાર કરોડ યુઝર્સને પણ લોગ આઉટ કરવા પડયા હતા. એના પછી પણ એ જ રીતે ફરી પાંચ કરોડ ફેસબુક એકાઉન્ટના ડેટાની ઉઠાંતરી થઈ હતી. દુનિયાના અબજો લોકો, લાખો વેબસાઇટો, સોશ્યલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. સોશ્યલ મીડિયા એક સશક્ત સંચાર માધ્યમ પુરવાર થયા છે પરંતુ મુદ્રિત માધ્યમ જેટલી એની વિશ્વસનીયતા નથી. આ વાતાવરણમાં ડેટા સુરક્ષાનો સવાલ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. ડેટા સુરક્ષાનો પ્રશ્ન કાનૂની પણ છે, અને વ્યક્તિગત અધિકારો સાથે જોડાયેલો છે. કોઈનું પણ એકાઉન્ટ હેક થવું એ એની અંગતતા પરનો હુમલો છે. પાછલા વરસોમાં હેવી ડેટા લિકેજ પછી ફેસબુકે તેના તમામ યુઝર્સને વાયદો કરીને નવી સિક્યોરિટી સિસ્ટમ ઈન્સ્ટોલ કરી હતી અને એ માટે લાખો ડોલરનો વ્યય કર્યો હતો છતાં ફરી વખત હેકિંગ થતા ફરી ડેટાની ચોરી થઈ ગઈ હતી. એનો અર્થ કે હેકિંગ કરનારાઓ માર્ક ઝુકરબર્ગના ટેક્નોક્રેટ કરતાં તો બહુ એડવાન્સ છે. હેકરો સામે ડેટાબેક્ર લાચાર દેખાય છે. અગાઉ બ્રિટનની કુખ્યાત કંપની કેમ્બ્રિજ એનાલિટિકાએ ફેસબુકના ડેટાની ચોરી કરી હતી તે પછીથી જાહેર થયું હતું તેમ હજુ પણ ડેટા ચોરીના આફટરશોક તો આવતા જ રહે છે. સામાન્ય યુઝર્સ એ જાણતો જ હોતો નથી કે એનો ડેટા જેવા બિંદુરૂપ અનેક ડેટા એકત્રિત થઈને સિંધુ સ્વરૂપ આકાર લઈ લે છે ને પછી એના વિશ્લેષણ દ્વારા તો આખા ને આખા દેશને જીતીને એના પર શાસન કરવાની માસ્ટર કી તૈયાર થાય છે. કોર્પોરેટ જાયન્ટ કંપનીઓનો પોતાનો ડેટા તો ચોરી થતો રહે છે પરંતુ એ કંપનીઓ પણ અન્ય સ્પર્ધક કંપનીઓના ડેટાને હસ્તગત કરવા માટે આકાશ-પાતાળ એક કરતી હોય છે. બ્રિટન અને અમેરિકામાં આજે કોઈ પણ એક વ્યક્તિના ડેટાનો ભાવ એક ડોલરથી વીસ ડોલર વચ્ચેનો છે. વેબસાઈટ પર તમે ઈ-પેમેન્ટ કરો એટલે ચાહો તેની કરમ કુંડળી તમને ઈ-મેઈલથી પ્રાપ્ત થઈ જાય તે એટલી હદ સુધી કે તમે આશ્ચર્યમુગ્ધ થઈ જાઓ. આ બધી વેબસાઈટોને બ્લેક માર્કેટ સાઈટ તરીકે ઓળખવામાં આવે છે. આવી સૌથી વધુ બ્લેક માર્કેટ સાઈટ રશિયા અથવા તો સંયુક્ત રશિયામાંથી છૂટા પડેલા દેશોમાંથી ચલાવવામાં આવે છે. પૂર્વ યુરોપના દેશોમાં પણ બ્લેક માર્કેટ સાઈટની બોલબાલા છે, ચાહો તે ડેટા તમને ક્ષણ માત્રમાં મળે, પણ દરેક ડેટાની એના 'વજન' પ્રમાણેની ચોક્કસ કિંમત હોય છે. હેકિંગ કરનારાઓ અને ડેટાને બજારમાં વેચનારાઓ આમ તો જેમ્સ બોન્ડનો કે શેરલોક હોમ્સનો જ વંશવેલો છે પરંતુ તેઓ તેમના વડદાદાઓથી ક્યાંયના ક્યાંય આગળ નીકળી ગયા છે. મોસ્કોની વેબમની ટ્રાન્સફર નામક કંપની તો દુનિયાભરની બે નંબરી લેણદેણની નવી એક્સચેન્જ બની ગઈ છે.

# રશિયાને જી-૭માં ફરી એન્ટ્રી આપવાનો તખ્તો તૈયાર

૧૯૭૦ પછી વૈશ્વિક રાજકારણનું ચિત્ર કંઈક આવું હતું - અમેરિકા-રશિયા વચ્ચે કોલ્ડવોર ચાલી રહ્યું હતું. અમેરિકા જગતનું નંબર વન અર્થતંત્ર હતું. પેટ્રોડોલરનો કરાર કરીને અમેરિકાએ દુનિયામાં ક્યાંય પણ પેટ્રોલિયમની ખરીદી થાય તો બેઠી કમાણી કરવાનો માસ્ટર પ્લાન અમલી બનાવી દીધો હતો. સાયન્સ-ટેકનોલોજીમાં અમેરિકાએ નવી ઊંચાઈ મેળવી હતી. ચંદ્ર પર માનવીને પહોંચાડીને દુનિયામાં સિક્કો જમાવી દીધો હતો.

તે વખતે અમેરિકાને ટક્કર આપી શકે એવો એક જ દેશ હતો - રશિયા. અર્થતંત્રની રીતે અમેરિકા પછી રશિયા બીજા નંબરનો દેશ હતો. અંતરીક્ષની સ્પર્ધામાં શરૂઆતમાં આગળ રહ્યા પછી રશિયા અમેરિકા કરતાં પાછળ રહ્યું હતું. અલબત્ત, અંતરીક્ષ વિજ્ઞાનમાં અમેરિકા પછી બીજો નંબર તો રશિયાનો જ હતો. દુનિયાના દેશોને પોતાની તરફ કરવા બંને દેશો પ્રયાસો કરતા હતા. અમેરિકાએ તેના સાથી દેશોને શસ્ત્રો અને આર્થિક સહાય કરવાનું શરૂ રાખ્યું હતું, તો રશિયાએ પણ શસ્ત્રો અને આર્થિક સહાયથી જગતના અનેક દેશો પર પ્રભાવ પાડયો હતો. બંને દેશો વૈશ્વિક લડાઈઓમાં પોતપોતાની રીતે દબદબો જાળવવા મથતા હતા.

એવા સમયે ૧૯૭૩માં અમેરિકાના ઈશારે ફ્રાન્સમાં એક બેઠક મળી. ફ્રાન્સના આમંત્રણથી અમેરિકા, બ્રિટન, જર્મની, ઈટાલી, જાપાન એમ છ દેશોના મંત્રીઓ વચ્ચે સુરક્ષા, અર્થતંત્ર, વેપાર, ક્લાઈમેટ ચેન્જ જેવા વૈશ્વિક મુદ્દે ચર્ચા થઈ.એ બેઠકમાં જ દુનિયાના શક્તિશાળી અને વિકસિત દેશોનું એક ગ્રુપ હોવું જોઈએ એવો પ્રસ્તાવ રજૂ થયો અને એ જ વર્ષે સત્તાવાર રીતે જી-૬ ફોરમની સ્થાપના થઈ. જી-૬ મંચના સ્થાપક સભ્યો તે વખતે અર્થતંત્રમાં ટોપ-૧૦માં હતા. તે વખતે અમેરિકાનું અર્થતંત્ર પ્રથમ અને રશિયાનું અર્થતંત્ર બીજા નંબરે હતું. ત્રીજા નંબરનું અર્થતંત્ર જાપાનનું હતું, ચોથા ક્રમે જર્મની, પાંચમા ક્રમે ફ્રાન્સ, છઠ્ઠા ક્રમે બ્રિટન અને આઠમા ક્રમનું અર્થતંત્ર હતું ઈટાલીનું. આજે બીજા નંબરનું અર્થતંત્ર છે એ ચીન તે વખતે છેક સાતમા ક્રમે હતું. નવમા ક્રમે કેનેડા હતું અને એ પછી બ્રાઝિલનો નંબર હતો ૧૦મો.

૧૯૭૬માં નવમા નંબરનું અર્થતંત્ર ધરાવતા કેનેડાને ગ્રુપમાં સામેલ કરાયું ને તે સાથે જ ફોરમને નવું નામ અપાયું - ગ્રુપ ઓફ સેવન. આ બધા દેશોની વિચારધારા કોમન હતી. તેમણે અમેરિકાનું નેતૃત્વ સ્વીકારી લીધું હતું. આ તમામ દેશો વિકસિત અર્થતંત્ર ગણાતા હતા. અથવા તો ફર્સ્ટ વર્લ્ડ કન્ટ્રી ગણાતા હતા. વેસ્ટર્ન મીડિયાએ વિકસિત દેશોને ફર્સ્ટ વર્લ્ડ કન્ટ્રીઝ કહેવાનું શરૂ કર્યું હતું. રશિયા તરફી દેશો સેકન્ડ વર્લ્ડ કન્ટ્રી કહેવાતા અને ભારત જેવા દેશો કે જે એકેય જૂથમાં ન હતા તેમને થર્ડ વર્લ્ડ કન્ટ્રી કહેવામાં આવતા હતા.

તો આ ફર્સ્ટ વર્લ્ડ કન્ટ્રીના જી-૭ દેશોએ અર્થતંત્ર, આર્મી, સાયન્સ-ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સર્વોચ્ચ સ્થાને છે એ બતાવવા આ મંચની રચના કરી હતી. તે વખતે આ સાત દેશોને આર્થિક-લશ્કરી કે એવી કોઈ રીતે રશિયા-ચીન જેવા સામ્યવાદી દેશો મળીનેય ટક્કર આપી શકે તેમ ન હતા. અર્થતંત્રની કે લશ્કરી શક્તિને દૃષ્ટિએ ટોપ-૧૦માંથી રશિયા-ચીનને બાદ કરતાં બધા જ દેશો અમેરિકાને પૂછીને પાણી પીતાં હતા. યુરોપિયન સંઘ નામે યુરોપના દેશોનું સંગઠન બન્યું એનેય ઓબ્ઝર્વર તરીકે બિનસત્તાવાર રીતે સ્થાન મળ્યું. બિનસત્તાવાર એટલે કે યુરોપિયન સંઘના મહત્ત્વના દેશો આ ફોરમમાં હતા જ. આમ આ જી-૭ સૌથી શક્તિશાળી મંચ બનીને ઉભરી આવ્યું.

વર્ષો સુધી જી-૭ નામથી ઓળખાતા આ સંગઠનમાં પહેલું મોટું પરિવર્તન આવ્યું ૧૯૯૭માં. અમેરિકા સાથે લાંબા કોલ્ડ વોર પછી આખરે ૧૯૯૧માં સંયુક્ત રશિયાનું વિઘટન થયું. ૧૫ દેશો એમાંથી જુદા પડયા હતા અને અમેરિકાની સરખામણીએ રશિયા ઘણું નબળું પડી ચૂક્યું હતું. શક્તિહીન બનેલા રશિયાને જી-૭ ફોરમમાં સામેલ થવા આમંત્રણ મળ્યું અને ૧૯૯૭માં રશિયા એમાં જોડાઈ જતાં આ ફોરમને વધુ એક વખત નવું નામ મળ્યું: જી-૮. વિઘટન પછી અમેરિકાને રશિયાનો ભય ન હતો. રશિયાએ પણ ધીમે ધીમે અમેરિકાના નેતૃત્વમાં પશ્ચિમનો સાથ મેળવવાનું પસંદ કર્યું. એમાં રશિયાનો ફાયદો હતો. અમેરિકા-યુરોપનું માર્કેટ રશિયા માટે ઓપન થયું હતું. યુરોપિયન દેશોએ રશિયા સાથે ફર્ટિલાઈઝરથી લઈને ગેસ, ખનીજ તેલના કરારો કરવા માંડયા હતા. વિઘટન પછી આર્થિક રીતે ફટકો પડયો હોવાથી રશિયાએ અર્થતંત્ર ફરીથી મજબૂત બનાવવા પર ધ્યાન આપ્યું. વિભાજન પછી ટોચનાં પાંચ અર્થતંત્રોમાંથી રશિયા બહાર ફેંકાઈ ચૂક્યું હતું. આ રશિયા બીજા નંબરેથી ગગડીને છેક નવમા ક્રમે પહોંચી ગયું હતું.

બરાબર ત્યારે જ રશિયાના રાજકારણમાં વ્લાદિમીર પુતિનની એન્ટ્રી થઈ. પુતિન ઉત્તરોત્તર શક્તિશાળી બન્યા. વિરોધીઓને ઉગતા ડામી દીધા. રશિયન અર્થતંત્રની ગાડી ફરી પાટે ચડાવી. વૈશ્વિક રાજકારણમાં ફરીથી રશિયાનું મહત્ત્વ સ્થાપિત કર્યું. લશ્કરને શક્તિશાળી અને આધુનિક બનાવ્યું. દ્વિપક્ષીય વેપારનો ફેલાવો યુરોપથી એશિયા-આફ્રિકા સુધી કર્યો. બે દશકામાં રશિયાએ એટલી પ્રગતિ કરી લીધી ને એટલું કદ વધારી દીધું કે ફરીથી અમેરિકા સામે શિંગડા ભરાવવા માંડયાં. ૨૦૧૪માં ક્રીમિયા પર આક્રમણ કરીને આખો વિસ્તાર રશિયામાં ભેળવી દીધો. યુક્રેન પર પણ આક્રમણ કર્યું. આ ઘટનાઓથી દુનિયામાં હાહાકાર મચી ગયો. પુતિને રશિયાનો અસલ રંગ બતાવ્યો એટલે વૈશ્વિક રાજકારણનાં સમીકરણો બદલાયાં. એના પડઘા જી-૮ ફોરમ પર પડયા. તત્કાલીન અમેરિકન પ્રમુખ બરાક ઓબામાએ જી-૮માંથી રશિયાની હકાલપટ્ટી કરાવી એટલે નામ ફરીથી જી-૭ થયું.

પણ એક દશકા પછી પરિસ્થિતિ બદલાતી દેખાય છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા. તેમણે યુક્રેન-રશિયાનું યુદ્ધ અટકાવવા પ્રયાસો શરૂ કર્યા. શાંતિના નોબલ પર નજર ખોડીને બેસેલા ટ્રમ્પને કોઈ પણ રીતે રશિયા-યુક્રેન યુદ્ધ રોકવું છે.

પરિણામે યુક્રેનને ક્યારેય નાટોનું સભ્ય ન બનાવવું એ શરત તો અમેરિકા સ્વીકારી જ લેશે. બ્રિટન, જર્મની અને ફ્રાન્સ સમજૂતીનો ડ્રાફ્ટ તૈયાર કરે છે. એમાં વિવિધ બાબતોના ઉલ્લેખ સાથે ટ્રમ્પે જી-૭માં રશિયાની એન્ટ્રીની ભલામણ કરી છે. યુરોપના આ દેશો આનાકાની કરે છે, પરંતુ ટ્રમ્પ રશિયાને જી-૭માં લાવવા મક્કમ છે. ટ્રમ્પ આ વર્ષે જુલાઈમાં જ એવું કહી ચૂક્યા છે કે રશિયાને જી-૮માંથી હાંકી કાઢવાનો નિર્ણય અયોગ્ય હતો. જો રશિયા આ જૂથનું સભ્ય હોત તો યુક્રેન પર આક્રમણ થયું ન હોત.

ટ્રમ્પ યુદ્ધ અટકાવવાની ક્રેડિટ મેળવવા માગે છે. એ માટે રશિયાને ખુશ કરવા ઈચ્છે છે. રશિયા જી-૭માં એન્ટ્રી લે એનો અર્થ એ થાય કે યુરોપના દેશોનો વૈશ્વિક રાજકારણમાં પ્રભાવ ઘટયો છે અને રશિયાએ વિઘટનના સાડા ત્રણ દશકા પછી ફરીથી વૈશ્વિક રાજકારણમાં પક્કડ જમાવવા માંડી છે. એક સદી પહેલાં વૈશ્વિક રાજકારણના કેન્દ્રમાં રહેલું યુરોપ ઝડપભેર હાંસિયામાં ધકેલાઈ રહ્યું છે એનો આ વધુ એક પુરાવો છે.

# દહેજ ખાતે ત્રણ દિવસીય વર્કશોપ"ઉત્કર્ષ-૨: DIA વિઝન ૨૦૩૫'' નું આયોજન કરાયું









દહેજ ખાતે દહેજ ઈન્ડસ્ટ્રીઅલ એરિયાની પ્રગતિ વિષે ચર્ચાના ભાગરૂપે ત્રણ દિવસીય વર્કશોપ"ઉત્કર્ષ-૨: DIA વિઝન ૨૦૩૫'' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ ડો. સુનિલ ભટ્ટ દ્વારા સત્રની શરૂઆત કરતા એસોસિએશનની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો અને દહેજના વિકાસને વેગ આપવા માટે ઉદ્યોગ-સરકાર વચ્ચે વધુ મજબૂત સહકારની જરૂરીયાતને રેખાંકિત કરી.

દહેજ ખાતે લોજિસ્ટિક્સને મજબૂત કરવાના આયોજનના ભાગરૂપે, દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન (DIA) એ વડોદરા, સુરત, અમદાવાદ અને દહેજ ઉદ્યોગ એસ્ટેટને જોડતી હેલિકોપ્ટર સેવાઓ તેમજ દહેજ—મુંબઈ—હઝીરા વચ્ચે સમુદ્રી કાર્ગો રૂટની શક્યતાઓનું અન્વેષણ શરૂ કર્યું છે.

આ બન્ને પ્રસ્તાવો DIA ના ત્રણ દિવસીય વર્કશોપ"ઉત્કર્ષ-૨: DIA વિઝન ૨૦૩૫'' દરમિયાન રજૂ થયા.

આ પહેલોને એક મહત્વપૂર્ણ પ્રગતિ તરીકે ગણાવવામાં આવી રહી છે, કારણ કે તે અધિકારીઓ માટે ઝડપી મુસાફરી, ઈમરજન્સી રિસ્પોન્સ, કાર્યક્ષમ કાર્ગો હલન-ચાલન અને રસ્તાઓ પરની નિર્ભરતા ઘટાડવાની નવી શક્યતાઓ ઉભી કરે છે.

“અમે લોકો અને કાર્ગો માટે પરિવહનની નવી રીતોની શોધ શરૂ કરી છે. હેલિકોપ્ટર સેવા અને સમુદ્રી કાર્ગો સેવા આ વિસ્તારના વિકાસને વેગ આપશે,'' એવું DIA ના અધ્યક્ષ ડો. સુનિલ ભટ્ટે જણાવ્યું.

દહેજ બેલ્ટની ૫૦ થી વધુ ઉદ્યોગો — જેમાં HR હેડ્સ, પ્લાન્ટ હેડ્સ અને ઓપરેશન મેનેજરોઆ વર્કશોપમાં જોડાયા હતા. આ ઈવેન્ટ ૨૦૨૩ માં યોજાયેલી પ્રથમ વિઝન-બિલ્ડિંગ એકસરસાઈઝનો અનુસંધાન હતો, જેમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને હૈંછ ના વૃદ્ધિ પ્લાનના આગામી તબક્કાની વ્યાખ્યા કરવામાં આવી.

વર્કશોપમાં GIDC, DGVCL, BDRCL, GHV Ltd., કાર્ગો અને લોજિસ્ટિક્સ ઓપરેટર્સ તેમજ હેલિકોપ્ટર સેવા પ્રતિનિધિઓ જેવા મુખ્ય સંસ્થાકીય હિતધારકોની હાજરી રહી. ૨૦૨૩ થી ૨૦૨૫ દરમિયાન DIA દ્વારા કરવામાં આવેલી પ્રગતિ અંગેનું વિગતવાર અપડેટ પ્રમુખ ડો. સુનિલ ભટ્ટ ભટ્ટ અને એસોસિએશનના જનરલ સેક્રેટરી બલદેવ આહિરે રજૂ કર્યું.

# ઝઘડીયા ખાતે કાર્યરત ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશન દ્વારા અમલી 'ઝીરો વેસ્ટ-ઝીરો કોસ્ટ' મોડેલની એક્સપોઝર વિઝિટ

ડીસીએમ શ્રીરામ લિમિટેડની પરોપકારી શાખા ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશન અને ભરુચ જિલ્લા પ્રશાસનના સહયોગથી, ઝઘડીયા ગ્રામ પંચાયત ખાતે અમલમાં મુકાયેલા ગુજરાતના પ્રથમ 'ઝીરો વેસ્ટ-ઝીરો કોસ્ટ' ગ્રામ્ય ઘન કચરા વ્યવસ્થાપન મોડેલના અભ્યાસ માટે જિલ્લાના તલાટીઓની ત્રણ દિવસીય એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું. ભરુચ જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર ગૌરાંગ મકવાણા તથા જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા કુલ ૧૨૩ પંચાયતના તલાટીઓએ ભાગ લીધો હતો. આ મુલાકાત દ્વારા ભાગ લેનાર અધિકારીઓએ સ્વચ્છ ભારત મિશન હેઠળ ગામે-ગામ અમલમાં મૂકી શકાય તેવી સાતત્યપૂર્ણ ગ્રામ્ય સ્વચ્છતા પદ્ધતિઓ વિષે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. ત્રણ દિવસ દરમિયાન તમામ પ્રતિભાગીઓએ નીચેના વિષયો પર લાઈવ પ્રદર્શન, પ્રાયોગિક તાલીમ સત્રો અને ઈન્ટરએક્ટિવ લર્નિંગ મોડ્યુલ્સમાં ભાગ લીધો: ઘરસ્તરે તથા સમુદાય સ્તરે ભીના અને સુકા કચરાની છટણી, ભીના કચરામાંથી ઓછા ખર્ચે ખાતર બનાવવાની પદ્ધતિઓ, વિકેન્દ્રિત કચરા પ્રક્રિયા તકનીકો, ગ્રામ્ય વિસ્તારોને અનુરૂપ સુરક્ષિત ઘન કચરા નિકાલ પદ્ધતિઓ, ગુજરાતના પ્રથમ સેનિટેશન પાર્કનું પ્રદર્શન. આ પ્રેરણા પ્રવાસ દ્વારા તલાટીઓએ જાણ્યું કે કેવી રીતે ભીનાં અને સૂકા કચરાનું વ્યવસ્થાપન સરળ, સમુદાય કેન્દ્રિત પદ્ધતિઓ દ્વારા, ખૂબ ઓછા નાણાકીય ખર્ચે કરી શકાય છે. જેનાથી સામાજિક તથા પર્યાવરણીય ક્ષેત્રે ઊંચો લાભ મેળવી શકાય. કાર્યક્રમ દરમિયાન સમુદાયના વર્તન પરિવર્તન, સક્રિય ભાગીદારી અને સ્થાનિક માલિકીભાવની મહત્વપ પૂર્ણ ભૂમિકા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું, જે લાંબા ગાળે ગ્રામ્ય સ્વચ્છતા પદ્ધતિઓના ટકાઉપણાને સુનિશ્ચિત કરે છે. આ પહેલમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની પણ સક્રિય ઉપસ્થિતિ રહી, જેમાં ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) નિકુંજ પટેલ, ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારી (રેવન્યુ) જી. એમ. બોરાડ અને તાલુકા વિકાસ અધિકારી, ઝઘડીયા ધ્રુવ પટેલે પ્રતિભાગીઓ સાથે સંવાદ સાધી, ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા મજબૂત કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો. ડીસીએમ શ્રીરામ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ સંદીપ વરિઆ અને રજનીકાંત ટંડેલ દ્વારા ચાલી રહેલી સ્વચ્છતા પહેલોના અનુભવ પ્રતુત કરીને સહયોગ આધારિત તથા વ્યાપકપણે અમલ કરી શકાય તેવા ઘન કચરા વ્યવસ્થાપન મોડેલના મહત્ત્વને પુનઃપ્રસ્તુત કર્યું. ભરુચ જિલ્લાના વધુ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ ગામો નિર્માણ કરવા પ્રતિબદ્ધ છે.

# મોકડ્રીલ

# દહેજ ખાતે OPaL, પેટ્રોનેટ એલએનજીમાં લીકેજથી ભયંકર આગ ફાટી નીકળવાની દુર્ઘટનાનું મોકડ્રીલ યોજાયું

દહેજ ખાતે ONGC કંપની સહિત ત્રણ કંપનીઓમાં આગ અને અકસ્માતની ભયંકર દુર્ઘટના સર્જાતા જિલ્લા વહીવટીતંત્ર અને ઔદ્યોગિક સલામતી વિભાગ દોડતો થયો હતો જેથી ઉતેજના જોવા મળી હતી. જો કો આ એક મોકડ્રીલ હોવાની જાણ થતાં લોકોને હાશકારો થયો હતો.

ઓપેલ ઓએનજીસી ખાતે ટેક્રમાં સંગ્રહિત હેવી પ્રોપીલિનના લીકેજને કારણે વિસ્ફોટ થયો અને આગ લાગી હતી.જયારે પેટ્રોનેટ એલ.એન.જી. માં સોળ ઈંચની પાઈપલાઈનમાં ભંગાણ પડવાથી કુડ ઓઈલની પાઈપ લાઈનમાંથી ક્રુડ લીકેજ થયુ હતુ, જે લિકેજના કારણે આગ લાગી હતી. લેવલ ૩ ની ઓફ સાઈટ ઈમરજન્સી જાહેર કરવમાં આવી હતી. આ બંને મોકડ્રીલમાં કંપનીના સંબંધિત વિભાગો સાથે સંકળાયેલી ટીમ દ્વારા તાત્કાલીક કટોકટીની કાર્યવાહી કરવામાં આવી હતી. ઓપેલ ઓએનજીસી દહેજ ખાતે સ્ટોરેજ યાર્ડમાં સંગ્રહિત હેવી પ્રોપીલિનના લીકેજને ૧૦ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી ૨ વ્યકિતઓને તાત્કાલીક સારવાર અર્થે ભરૂચ સિવિલમાં હોસ્પિટલમાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા તેની સાથે સ્થાનિક આરોગ્ય તંત્રની ડોકટર અને આરોગ્ય કર્મીઓ દ્વારા રેસ્કયુ કરાયેલ તમામ વ્યકિતના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટના દરમ્યાન પોલીસ દ્વારા સુચારૂ રીતે વાહન વ્યવસ્થાનો કંટ્રોલ કરવામાં આવ્યો હતો. તેની સાથે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ સુવ્યવસ્થિત અને ત્વરિત કામગીરી કરવામાં આવી હતી. આ ઘટના દરમ્યાન ૯ જેટલા ફાયર ફાઈટિંગ વાહનો તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને આગને ઝડપથી કાબુમાં લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત પેટ્રોનેટ એલ.એન.જી. દહેજ ખાતે સોળ ઈંચની પાઈપલાઈનનમાં ભંગાણ પડવાથી લિકેજ થયેલ કેમિકલમાં અચાનક લાગેલા આગ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રીલ અંગેની જાણ થતા જિલ્લા વહીવટી તંત્રના તમામ સંબંધિત કચેરીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ મોકડ્રીલમાં એનડીઆરએફ અને સ્થાનિક તંત્રના સહયોગથી ૨૨૨ વ્યકિતઓનું રેસ્કયુ કરવામાં આવ્યુ હતુ. જેમાંથી ૪ વ્યકિત વધુ ઈજાગ્રસ્ત હોવાથી તેમને તાત્કાલીક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેની સાથે આરોગ્ય તંત્ર દ્વારા નજીકના પી.એચ. સી. સેન્ટર ખાતે બેડની હોસ્પિટલ ઉભી કરી દેવામાં આવી હતી. સ્થાનિક લોકોને સમગ્ર ઘટનાની સાચી માહિતીથી સરપંચ અને તલાટીના સહયોગથી વાકેફ કરવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ તેમના ૧૮ વાહનો સાથે આગને કાબુમાં લેવા ઘટના સ્થળે આવી પહોંચી હતી. પોલીસ ટીમ દ્વારા ટ્રાફીકના નિયમન સાથે લોકોને સાચી વાતથી વાકેફ કરવાની ઉમદા કામગીરી કરી હતી. તેની સાથે કોસ્ટગાર્ડની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

આ મોકડ્રીલ દરમ્યાન ઘટનાની જાણ થતાં જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણાની સુચનાથી નાયબ કલેકટર એમ.એન.મનાણી દહેજ ખાતે પહોંચી ગયા હતા. સમગ્ર વહીવટી તંત્રની વિવિધ ટીમો સાથે સંપર્ક કરીને ઘટનાને કાબુમાં લેવાની તજવીજ હાથ ધરી હતી. આ મોકડ્રીલ બાદ અધિકારીઓ દ્વારા વિવિધ ટીમો સાથે ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યો હતો અને કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

ઈમરજન્સીના સમયે આવી પડેલી આપદાના સમયે ત્વરિત રાહત અને બચાવની કામગીરી કરી શકાય તેવા આશયથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ). અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જીએસડીએમએ) તથા જિલ્લા ક્રાઈસીસ ગૃપના સંયુકત ઉપક્રમે પેટ્રોનેટ એલ.એન.જી. તથા ઓપેલ ઓએનજીસી દહેજ ખાતે રાજયકક્ષાની ઓઈલ એન્ડ કેમિકલ ડિઝાસ્ટર અંગેની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મોકડ્રીલ કટોકટીની સજ્જતા ચકાસવા માટે હાથ ધરવામાં આવી હતી.

ઓપેલ ONGC દહેજ, પેટ્રોનેટ તથા LNG જેવી કંપનીઓમાં રાજ્યકક્ષાની મોકડ્રીલ યોજવામાં આવી


## ઝઘડીયા એસ્ટેટમાં આઈસીઆઈસીઆઈ બેંકે તેની શાખા કાર્યરત કરી






ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના કમ્પાઉન્ડમાં આવેલ એસોસિએશન બિલ્ડિંગમાં આઈસીઆઈસીઆઈ બેંકે તેની શાખા કાર્યરત કરી છે. તારીખ ૨૮ નવેમ્બરના રોજ ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણીના હસ્તે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઝઘડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણી, ઉપપ્રમુખ રાજેશ નાહટા તેમજ કમિટીના સભ્યો, આઈસીઆઈસીઆઈ બેંકના રિજીયોનલ હેડ યોગેશ વિચારે, અંકલેશ્વર તેમજ ભરૂચની વિવિધ બ્રાન્ચના બ્રાન્ચ મેનેજેરો, પીએસઆઈ પી. કે. રાઠોડ, નોટીફાઈડ અને જીઆઈડીસીના સ્ટાફના સભ્યો, આસપાસના ગામના સરપંચો તેમજ જીઆઈડીસીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# ભરૂચ જિલ્લાના ઉદ્યોગકારો સાથે અંકલેશ્વર સ્થિત GPCBની પ્રાદેશિક કચેરી ખાતે પર્યાવરણ મંત્રી પ્રવીણ માળી એ બેઠક યોજી ઉદ્યોગકારોના પ્રશ્નો સાંભળ્યા







ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ અને વાહનવ્યવહાર વિભાગના રાજયકક્ષાના મંત્રી પ્રવિણભાઈ માળીએ તારીખ ૨૬ મી નવેમ્બરે ભરૂચ જિલ્લાની એક દિવસીય મુલાકાત લીધી હતી. આ દરમિયાન જિલ્લામાં આવેલી વિવિધ ઔદ્યોગિક વસાહતોના ઉદ્યોગકારો સાથે અંકલેશ્વર સ્થિત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના કાર્યાલય ખાતે બેઠક યોજી ઉદ્યોગકારોને સાંભળ્યા હતા. ઉદ્યોગકારોએ તેમને અવરોધરૂપ પ્રશ્નો અને ઉદ્યોગોના વિસ્તરણમાં થઈ રહેલી મુશ્કેલીઓ રજૂ કરી હતી.

આ બેઠક દરમિયાન પ્રવિણભાઈ માળીએ સમગ્ર સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળી સરકારની દૃઢ પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, ઉદ્યોગોની તમામ જરૂરી મંજૂરીઓ એક જ પ્લેટફોર્મ પર મળી રહે તે માટે સરકાર ફેસલેસ અને સિંગલ વિન્ડો સિસ્ટમને વધુ મજબૂત બનાવી રહી છે. વિભાગો વચ્ચેનું સંકલન વધે અને પ્રક્રિયાઓ સરળ બને તે સરકારની પ્રાથમિકતા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉદ્યોગોનો યોગ્ય વિકાસ થાય અને દેશના અર્થતંત્રમાં ભરૂચ જિલ્લાના ઉદ્યોગો પોતાનું યોગદાન પૂરું પાડે તે માટે સૌ સાથે મળીને કામ કરીએ, સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણને સૌને વિકસિત ભારત ૨૦૪૭નું લક્ષ્ય આપ્યું છે, જેને સાકાર કરવા ઉદ્યોગોએ આગામી ૨૦૩૫ સુધીનો સ્પષ્ટ અને સમયબદ્ધ વિકાસ પ્લાન તૈયાર કરવાનો સમય આવી ગયો છે.

દેશ આયાત ઉપર નિર્ભરતા ઘટાડે અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર થાય તે માટે પર્યાવરણ મંત્રીએ અગત્યની અપીલ કરતાં જણાવ્યું કે, હાલમાં જે રો-મટિરિયલ વિદેશથી આયાત થાય છે તે દેશની અંદર જ ઉપલબ્ધ થાય તે માટે ઉદ્યોગજગત નવી દિશામાં પગલાં ભરે. સ્વદેશી અપનાવવાની પ્રતિબદ્ધતા સાથે ઉદ્યોગજગત 'મિશન ૨૦૩૫'નો લક્ષ્યાંક નક્કી કરે તે માટે સૌને સંકલ્પબદ્ધ થવા હાકલ કરી હતી.

અંકલેશ્વર ખાતેની બેઠકમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવા, પર્યાવરણ કમિટીના ચેરમેન વાલમજી દેસાઈ, ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણી, પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ બી. એસ. પટેલ, જીપીસીબીના અંકલેશ્વર પ્રાદેશિક અધિકારી જિજ્ઞાષાબેન ઓઝા, ભરૂચના જીપીસીબી અધિકારી કે. એન. વાઘમશી, ભરૂચ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી તેમજ ઉદ્યોગ અગ્રણી ડો. મહેશ પટેલ, હિંમત શેલડીયા અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક બાદ પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીએ પાનોલી ઔદ્યોગિક વસાહત ખાતે વન વિભાગ સાથે મળીને વૃક્ષારોપણ કરી પર્યાવરણ સુરક્ષાનો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો. તેમને અહીં ઉદ્યોગો દ્વારા ઊભા કરાયેલા વન કવચની પણ મુલાકાત કરી હતી.

તેમણે ભરૂચ કલેક્ટર કચેરી ખાતે પહોંચી વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લામાં ચાલી રહેલા વિકાસ કામોની સમીક્ષા કરી હતી. આ બેઠક દરમિયાન વિવિધ વિભાગો દ્વારા હાલમાં જિલ્લામાં ચાલી રહેલા કામો અથવા લોકહિતના પ્રોજેક્ટમાં વન વિભાગની મંજૂરીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો તે રજૂ કરવા અધિકારીઓને જણાવ્યું હતું. બેઠક દરમિયાન નાગરિકોને પીવાના પાણી, ખેડૂતોને સિંચાઈ માટેના પાણીની સુવિધા, જિલ્લામાં થયેલા પાક થયેલી નુકશાની અંગેની વિગતો મેળવી લોકપ્રતિનિધિશ્રીઓ દ્વારા મળતા પ્રશ્નોનો સરળતાથી અને ઝડપી નિકાલ આવે તે માટે જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને એક-મેકના સંકલનમાં રહી આપણી જવાબદારી સમજીને ઝડપભેર કામગીરી કરવા ઉપર ભાર મૂક્યો હતો.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણા, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, પ્રાયોજના વહીવટદાર સુશ્રી નિશા, નિવાસી અધિક કલેક્ટર એન.આર.ધાંધલ, નાયબ વન સંરક્ષક ભાવનાબેન દેસાઈ (સામાજિક વનીકરણ), જિલ્લાના અગ્રણી પ્રકાશ મોદી, ઝઘડિયાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવા, ભરૂચ-અંકલેશ્વરના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરીના અધિકારીઓ, વન વિભાગના અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વધતા AQI માટે માટે માત્ર ઉદ્યોગો જવાબદાર નથી: પર્યાવરણ મંત્રી પ્રવીણ માળી

રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીએ અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની મુલાકાત લીધી હતી. તેઓએ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને આ દરમિયાન તેઓએ વિવિધ પ્રશ્ને વિચારણા કરી હતી. તેઓએ કહ્યું હતું કે પ્રદુષણ માટે માત્ર ઉદ્યોગો જવાબદાર નથી. તેનો મતલબ એ થયો કે ઉદ્યોગકારો તેમને એ સમજાવવામાં સફળ થયા કે વધતા AQI આંક માટે તેઓ એકલા જવાબદાર નથી. રોડ ટ્રાફિક અને પરિવહન નું પ્રદૂષણ પણ AQI માં ગણાય છે. જો કે ટ્રાન્સપોર્ટ વિભાગ પણ તેમના જ હાથમાં છે.

તેઓએ જીપીસીબીની કચેરી ખાતે ઉદ્યોગ અગ્રણીઓ,અધિકારીઓ સાથે પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી હતી.

અંકલેશ્વરમાં સતત વધી રહેલ AQI પર્યાવરણ મંત્રી આવતા ઘટી ગયો હતો. જે ઉદ્યોગોની સામૂહિક સફળતા સૂચવે છે.

## અંકલેશ્વર જીઆઈડીસીના તળાવ કિનારે કૈલાસધામ બનાવવા જમીત સમતળ બનાવવાનું કામ શરુ કરાયું



અંકલેશ્વર એસ્ટેટમાં તળાવ કિનારે (કૈલાસધામ) સ્મશાન માટે ફાળવાયેલ જગ્યામાં જમીન સમથળ (લેવલીંગ)નું કામ શરુ કરવામાં આવ્યું છે. અંકલેશ્વર નોટીફાઈડ અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રયાસોથી જમીન લેવલીંગનું કામ શરુ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું આયોજન છે. બહુ જલદી સ્મશાન આધુનિક સુવિધાઓવાળું (કૈલાસધામ) સ્મશાન બનાવવાની કામગીરી પણ આરંભવામાં આવશે. સ્મશાન માટે જીઆઈડીસી તરફથી ૧૦૦૦ ચોરસમીટર જગ્યા ફાળવવામાં આવી છે. તેની આસપાસની જગ્યા જીઆઈડીસીની છે. તેને જીઆઈડીસી વિકસાવાશે તેવી અપેક્ષા છે.

અંકલેશ્વર હાઉસિંગ અસોસિએશનને પણ કૈલાશધામ (સ્મશાન) બનાવની કામગીરીના પ્રારંભને આવકાર્યો છે.

અંકલેશ્વર જીઆઈડીસીની સ્થાપના ૧૯૭૮ ના અરસામાં થઈ હતી. એટલેકે લગભગ ૫૦ વર્ષ જેટલો સમય થઈ ગયો છે.

લગભગ ત્રીજી પેઢી કાર્યરત થઈ ગઈ છે. કેટલાકે તો અંકલેશ્વરને જ વતન બનાવી દીધું છે. હવે તો મોટાભાગના લોકો અંતિમ વિદાય પણ અહીં જ કરવાની શરૂઆત કરી દીધી છે. અત્યારે એક અનુમાન અનુસાર અંકલેશ્વર એસ્ટેટની વસ્તી ૭૦,૦૦૦ ઉપરાંત હોવાનું અનુમાન છે.

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
THERMAX (Vender)
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002